આર.બી.આઈ/2006-07/377
ડીબીઓડી નં. ડીઆઈઆર બીસી. 93/13.03.00/2006-07

7 મે, 2007

પ્રતિ,
તમામ વાણિજ્યિક બેંકસ (આરઆરબી સિવાય),

માનનીય સાહેબ,

બેંકો દ્વારા વધારે વ્યાજ દરો વસુલવા અંગેની ફરિયાદ.

*કૃપા કરી આ સાથે બિડેલ વાર્ષિક નીતિ સ્ટેટમેન્ટનો (2007-08) ફકરા નં. 168 જુઓ.*

2. *રિઝર્વ બૈંક તથા બેંકિંગ લોકપાલ કાર્યાલયોને નિયમિતપણે બેંકો દ્વારા ધિરાણ તથા પેશગી પર વધુ વ્યાજ લેવાની ફરિયાદો મળી રહી છે. ઉપરોકતના અન્વયે દરેક બેંકે આરબીઆઈ નો તા. 1 જુલાઈ, 2006 નો મુખ્ય પરિપત્ર ડીબીઓડી.ડીઆઈઆર.5/13.03.00/2006-07 જોવા વિનંતી છે. જેમા બેંકોને આરબીઆઈ દ્વારા ધિરાણ તથા પેશગીની સામેના વ્યાજ દરો નક્કી કરવા માટે તેમના બોર્ડને એક લક્ષ્ય નક્કી કરવા તથા પારદર્શક નીતિ અપનાવવાની જાણ કરવામાં આવી છે. નાના તથા મધ્યમ દરજ્જાના ખેડુતોને આપવામાં આવતી ટુંકા-સમયની પેશગી અંગે પણ આરબીઆઈની સલાહ છે કે (ઉપરોકત પરિપત્રના ફકરા 10.2 મુજબ) વ્યાજની રકમ કોઈપણ સંજોગોમા પેશગીની રકમ કરતા વધવી ન જોઈએ.*

3. *આ સાથે આપને સલાહ છે કે વ્યાજના દરો નક્કી કરવાના અધિકાર ભલે જે તે બેંકોના છે પરંતુ એક મર્યાદાથી વધુ વ્યાજના દરો ગેરવ્યાજબી તથા ન પોસાય તેવા ન હોવા જોઈએ. આવું કરવું સારી બેંકિંગ પધ્ધતિની વિરુધ્ધનું છે.*

4. *આથી બેંકના બોર્ડસને ભલામણ છે કે તેઓ જરૂર મુજબના આંતરિક નિયમો તથા પધ્ધતિઓ બનાવે જેથી ધિરાણ તથા પેશગી ઉપર ગેરવ્યાજબી વ્યાજની વસુલી ન કરવામાં આવે તેમજ ગેરવ્યાજબી પ્રોસેસીંગ અને અન્ય ચાર્જીસ પણ વસુલવામાં ન આવે. ખાસ કરીને નાની રકમનાં ધિરાણ જેવા કે વ્યકિતગત (પર્સનલ) ધિરાણ તથા તેવા અન્ય ધિરાણ માટે નીચે મુજબના મુદ્દાઓ ખાસ ધ્યાનમાં લેવા.*

- *એક આગવી પૂર્વ મંજુરી પધ્ધતિ બહાર પાડવી અને મંજૂર કરવી જેથી ધિરાણ ઉત્સુક વ્યકિતની આવક ને ધ્યાનમાં લેવી.*
- *બેંક દ્વારા લેવામાં આવતા વ્યજના દરોમાં રિસ્ક પ્રીમીયમ ધિરાણ ઉત્સુક વ્યકિતના આંતરિક આલેખન પ્રમાણે ઉમેરવું.*
- *ધિરાણ લેનાર વ્યકિતને પડતો કુલ ખર્ચ (વ્યાજ તથા અન્ય દરો લગાડતા) બેંક દ્વારા તે ધિરાણ માટે તથાં કુલ ખર્ચ તથા તે ધિરાણ પર મેળવવાનો નફો વ્યાજબી હોવો જોઈએ.*
- *વ્યાજના દરો તથા પ્રોસેસીંગ અને અન્ય ચાર્જીસ માટે એક અધિક્તમ મર્યાદા નક્કી કરી તેને યોગ્ય પ્રસિધ્ધી આપવી જોઈએ.*

5. *આ પરિપત્ર મળ્યાના ત્રણ માસની અંદર બેંકોએ જરૂરી પગલાઓ અને પધ્ધતિ બનાવી છે તેની જાણ આરબીઆઈને કરવાની રહેશે.*

6. *આ પરિપત્ર મળ્યાની યોગ્ય જાણ કરશો.*

*આપનો વિશ્વાસુ,*

*પી. વિજય ભાસ્કર*
*(મુખ્ય મહા પ્રબંધક)*

બેંકો દ્વારા લેવાતા વધુ પડતા વ્યાજના દરો અંગે ફરિયાદ.

168. આરબીઆઇ તથા બેંકિંગ લોકપાલના કાર્યાલયોને વિવિધ બેંકો દ્વારા ધિરાણ તથા પેશગીની સામે લેવાતા વધુ પડતા વ્યાજના દરો અંગે ઘણી બધી ફરિયાદો મળી રહી છે. વ્યાજના દરો નક્કી કરવાના અધિકાર ભલે જૈ તે બેંકોના છે, પરંતુ અંક મર્યાદાથી વધુ વ્યાજના દરો ગેરવ્યાજબી તથા ન પોશાય તેવા ન હોવા જોઇએ. આવુ કરવું સારી બેંકિંગ પધ્ધતિના વિરુધ્ધ છે.

આથી બેંકના બોર્ડસ ને ભલામણ છે કે તેઓ જરૂર મુજબના આંતરિક નિયમો તથા પધ્ધતિઓ બનાવે જેથી ગેરવ્યાજબી વ્યાજની વસુલી તથા ગેરવ્યાજબી ચાર્જીસની વસુલી ન કરવામાં આવે.